# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-08-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-પરીક્ષા પે ચર્ચા-:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુખ્ય પહેલ, પરીક્ષા પે ચર્ચાને ‘એક મહિનામાં નાગરિક જોડાણ મંચ પર સૌથી વધુ લોકોએ નોંધણી કરાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ MyGov મંચ પર આયોજિત કાર્યક્રમના આઠમા સંસ્કરણ દરમિયાન ત્રણ કરોડ 53 લાખ નોંધણીઓ સાથે થયેલી સિદ્ધિનો પુરાવો છે.

પરીક્ષા પે ચર્ચા એ શ્રી મોદી દ્વારા કલ્પના અને નેતૃત્વ હેઠળનું એક અનોખું મંચ છે, જ્યાં પ્રધાનમંત્રી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે સીધો વાર્તાલાપ કરે છે. ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહમાં સત્તાવાર ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પ્રમાણપત્ર ઔપચારિક રીતે રજૂ કરવામાં આવ્યું હતું.

--------------------------------------------------------------------------------

## CM-ભરૂચ-વિકાસ કાર્યો લોકાર્પણ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, જંબુસરમાં નિર્માણાધીન બલ્ક ડ્રગ પાર્ક દવાઓના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા વધારશે. ગઈકાલે ભરૂચ જિલ્લાના પ્રવાસ દરમિયાન શ્રી પટેલે જંબુસરમાં 815 હેક્ટર વિસ્તારમાં 3 હજાર 920 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહેલા બલ્ક ડ્રગ પાર્ક સાઈટની મુલાકાત લઈને કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું. શ્રી પટેલે ભરૂચ જિલ્લામાં અંદાજે 638 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે નાગરિકોને સ્વદેશી વસ્તુનો આગ્રહ કરી વોકલ ફોર લોકલને પ્રોત્સાહન

આપવા અનુરોધ કર્યો. તેમણે જણાવ્યુ હતું કે તેમણે ઉમેર્યું કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ગુજરાતમાં GSTની આવકમાં 15 ટકાનો વધારો થયો છે.

---

## "માતૃવંદના યોજના" તારીખ લંબાવાઈ:

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના માટે ખાસ નોંધણી ઝુંબેશ આ મહિનાની 15 મી તારીખ સુધી લંબાવી છે.

આંગણવાડી અને આશા કાર્યકરો દ્વારા સંચાલિત ઘરે ઘરે જાગૃતિ-સહ-નોંધણી ઝુંબેશ બધી લાયક સગર્ભા અને સ્તનપાન કરાવતી મહિલાઓ સુધી પહોંચવાનો અને યોજના હેઠળ તેમની સમયસર નોંધણી સુનિશ્ચિત કરવાનો છે.

---

## જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન -:

પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ રાજ્યમાં અત્યાર સુધી વિક્રમજનક 1 કરોડ 94 લાખથી વધુ બેન્ક ખાતા ઝીરો બેલેન્સથી ખોલાયા છે.

ગુજરાત સહિત દેશભરમાં જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આ અભિયાનમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તેમજ અટલ પેન્શન યોજના અંતર્ગત બેન્કિંગ, વીમા અને પેન્શન યોજનાઓની સુવિધા ઘર આંગણે ઉપલબ્ધ કરી નાગરિકોને સલામતી પૂરી પાડવામાં આવી રહી છે. તો હવે નાગરિકોને પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવવા રાજ્યની 14 હજાર 610 ગ્રામ પંચાયતના VCE મદદરૂપ થશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવનાર નાગરિકને બેંકને લગતા અન્ય લાભો પણ આપવામાં આવે છે.

---

## સંસ્કૃત સપ્તાહ-કચ્છ યુનિવર્સિટી :

રાજ્યમાં આવતીકાલથી 12 ઓગષ્ટ સુધી  સંસ્કૃત સપ્તાહની ઉજવણી  કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા  સંસ્કૃત સપ્તાહ નિમિતે  ત્રિદિવસીય વિશેષ ઉજવણી કરવામાં આવશે.

દરમ્યાન સંસ્કૃત સપ્તાહ ઉજવણી અંતર્ગત કચ્છ યુનિવર્સિટીમાં વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. સંસ્કૃત વિભાગ દ્વારા જિલ્લાકક્ષાની શ્લોકગાન સ્પર્ધા તેમજ સંસ્કૃત પુસ્તક પ્રદર્શનીનું આયોજન કરાયું છે. સ્પર્ધા હાઈસ્કુલ તેમજ કોલેજ એમ બે વિભાગમાં યોજવામાં આવશે. જેમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય વિજેતાને શિલ્ડ આપવામાં આવશે.સ્પર્ધાનો વિષય: ભગવદ્ ગીતાનો 17મો અધ્યાય કંઠસ્થ ગાન રાખવામાં આવ્યો છે.

7 ઓગસ્ટના સવારે 9.30 કલાકેથી યુનિવર્સિટીના કોર્ટ હોલમાં કાર્યક્રમ યોજાશે ઉપરાંત 8 ઓગસ્ટના ડી બ્લોક ખાતે 10 થી 1 દરમિયાન પુસ્તક પ્રદર્શન રાખવામાં આવ્યું છે તેમ વિભાગ અધ્યક્ષની એક યાદીમાં જણાવાયુ છે.

---------------------------------------------------------------------------------------

## પ્રવાસન એમ.ડી.- પ્રભવ જોશી-કચ્છ મુલાકાત:

પ્રવાસન ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરતા કચ્છમાં આવી રહેલા પ્રવાસન કામોની વિભાગના એમ.ડી. પ્રભવ જોશીએ તલસ્પર્શી સમીક્ષા કરી આ કામો ઝડપભેર પૂર્ણ કરવાની સંબંધીત તંત્રને સૂચના આપી હતી. પ્રભવ જોશીએ પોતાના ત્રણ દિવસનાં રોકાણ દરમ્યાન ધોળાવીરા, લખપત, ધોરડો, સફેદ રણ, પડાણા ક્રીક સહિતના વિસ્તારની મુલાકાત લીધી હતી. શ્રી જોશીએ ખાસ કરીને ધોરડોમાં નવાં નિર્માણ પામતાં ટેન્ટસિટીનું કામ ઝડપભેર પૂર્ણ કરવાની સૂચના આપી હતી.

---------------------------------------------------------------------------------------

## શ્રાવણ સોમવાર:

શ્રાવણના માસના બીજા સોમવારે ગઈકાલે રાજ્યના શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. શિવમંદિરોમાં જળાભિષેક કરવાની સાથે વિશેષ પૂજા પણ કરવામાં આવી હતી. સોમનાથ દાદાની આરતીમાં હજારો ભાવિકોએ દર્શન કરી અને ધન્યતા અનુભવી હતી.

---

## હવામાન:

રાજયમાં આગામી 7 દિવસ છૂટાછવાયા સ્થળોએ સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આજે રાજ્યના કોઈપણ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા ન હોવાનું હવામાન દ્વારા જણાવાયુ છે.

---